## **કલમ ૪ (૧) (ખ) (૩)**

**દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ :–**

ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતર્ગત હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરીઓ અંગેની વિગત નીચે મુજબ છે.

**(અ) ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલને લગતા નવા કામોની નિર્માણ પ્રક્રિયા : કાર્યપધ્ધતિ**

- ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ માટે માસ્ટર પ્લાન બનાવવા કન્સલટન્ટની નિમણૂંક કરવી.
- ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ માટે કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ મુજબનું આયોજન કરવું તથા બજેટમાં જોગવાઈ કરવી.
- જરૂરીયાત મુજબ રીસાયકલ રિયુઝ પોલીસી અંતગર્તના કામો માટેના અમલીકરણની કામગીરી માટે છેલ્લા વર્ષના ઉપલબ્ધ એસ.ઓ.આર. ના ભાવો મુજબ અંદાજ તૈયાર કરી સક્ષમ સમિતિની તેમજ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરવા.
- મંજુર થયેલ અંદાજ મુજબ કામગીરી માટે જાહેર ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી કરવી.
- જાહેર ટેન્ડર અન્વયે આવેલ ટેન્ડરોની યોગ્યતા ચકાસી કામગીરી કરાવવાની મંજુરી માટે સક્ષમ સત્તાને રીપોર્ટ કરવો/ દરખાસ્ત કરવી.
- મંજુર પ્રોજેકટના અંદાજ–ટેન્ડરને લગતી કામગીરી કરી વર્કઓર્ડર આપવા.
- સરકારશ્રીમાં તબકકાવાર પ્રોગ્રેસ રીપોર્ટ મોકલી ગ્રાંટ રીલીઝ કરવાની કામગીરી.
- સમગ્ર પ્રક્રિયામાં જરૂરિયાત મુજબ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરનાર એજન્સી, સોઈલ કન્સલટન્ટ, સ્ટ્રકચરલ કન્સલટન્ટ, પ્રોજેકટ કન્સલટન્ટ તથા થર્ડપાર્ટી ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ એજન્સીની નિમણૂંકને લગતી તથા તેઓના પેમેન્ટને લગતી તમામ કાર્યવાહી કરવી.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :**

- ઉપરોકત નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન વિગેરે માધ્યમથી કામગીરી કરાવવામાં આવે છે.

**(બી) ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતગર્ત ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓપરેશન તેમજ મરામત અને નિભાવના કામોની પ્રક્રિયા : કાર્યપધ્ધતિ**

- ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રીસાયકલ સેલ અંતગર્ત ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ વ્યવસ્થિત રીતે કામ કરે તે માટે ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર જરૂરી વ્યવસ્થા ગોઠવવી.
- આ માટે તમામ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ જરૂરિયાત મુજબના ટર્શરી ટ્રીટેડ વોટરના નિયત પરિમાણો મુજબ ટ્રીટમેન્ટ કરી શકે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી.
- ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ માં ટ્રીટમેન્ટ કરવામાં આવતા ટર્શરી ટ્રીટેડ વોટર ની ગુણવત્તા જળવાઈ રહે તે પ્રમાણે દરરોજ જરૂરી માત્રામાં વોટર સેમ્પલ લઈને લેબોરેટરીમાં તેનું ટેસ્ટીંગ કરવું તેમજ જરૂર જણાયે તે બાબતે જરૂરી પગલાં લેવા.
- ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન અને રાઇઝીંગ પાઈપલાઈનની મરામત ને નિભાવ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :**

- ઉપરોક્ત પ્રક્રિયાઓ સ્થળ પર કામગીરી તથા દેખરેખ ઈલે. સુપરવાઈઝર / મેઈન્ટેનન્સ આસીસ્ટન્ટ/કેમિસ્ટ/વાયરમેન/સીન. સાયન્ટીફીક આસી. ધ્વારા કરવામાં આવે છે.